PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL
## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર
રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૦/કવા–૦૧/૧૮–૧૯/ 4651 . તા. 23-5-18.

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
નાનજીભાઈ પુંજાભાઈ સોંદરવા,
શ્રધ્ધા સોસાયટી, પાણીના બોર ની બાજુમા,
એરપોર્ટ રોડ, મ્યુંનીસીપલ પ્લોટ સામે,
કેશોદ
જી. જુનાગઢ
મો: ૯૦૯૯૭૯૨૧૬૪

વિષય :–વીજબીલ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. નીલ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૨૦/કવા–૦૧/૧૮–૧૯)

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

6 A

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી ,પોરબંદર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી , કેશોદ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર પેટા વિભાગીય કચેરી, કેશોદ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૨૦/કવા–૦૧/૧૮–૧૯ | કમિટી મીટીંગ: તા. ૧૫–૦૫–૧૮ | સ્થળ : જુનાગઢ |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

અરજદાર (ફરીયાદી): નામ: નાનજીભાઈ પુંજાભાઈ સોદરવા, ગામ: કેશોદ

રજુઆત કરનાર: અરજદાર શ્રી નાનજીભાઈ પુંજાભાઈ સોદરવા  હાજર રહેલ હતા.

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : શહેર પેટા વિભાગીય કચેરી, કેશોદ (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી , કેશોદ)

રજુઆત કરનાર : જે.કે.કાતરીયા નાયબ ઈજનેર શહેર પેટા વિભાગીય કચેરી, કેશોદ

## : હુકમ :

**ફરીયાદ : વીજબીલ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓના ગ્રાહક નંબર : ૮૦૧૦૪/૦૩૩૦૯/૧ રહેઠાણનુ વીજ જોડાણ ધરાવે છે. તેઓ છેલ્લા ૦૧ વર્ષ થી બહાર હોવાથી મીટર નો વીજવપરાશ બંધ હતો. જયારે મીટર નુ રીડીંગ ૨૨૦૫ દર્શાવતુ હતુ, અને છેલ્લે તા.૨૨–૦૨–૧૬ ના રોજ બંધ મકાન બીલ વીજ રકમ ભરણ કર્યુ હતું. ત્યારબાદ તેઓનુ ૪૦ થી ૫૦ યુનીટ નુ વીજવપરાશ હતુ. તેઓ માત્ર એકલા વ્યકિત હોવા છતા – વીજબીલ ૧૯૦ યુનીટ, ૧૭૦ યુનીટ આવેલ હોય – જેથી વિસંગતતા જણાયેલ હોય – વીજબીલ ભરપાઈ કરેલ નથી. તેમજ હાલ મા મારૂ વીજજોડાણ ડીસકનેકટ થયેલ હોય – મુશ્કેલીનો સામનો કરવો પડે છે. તેમજ વીજબીલ ના બાકી લેણા પેટે રૂ.૨,૦૦૦/– તા.૧૭– ૦૪–૧૮ ના રોજ પીજીવીસીએલ મા ભરપાઈ કરાયેલ છે. હાલ મા મારી આર્થિક સ્થીતી નબળી હોય – વીજબીલ ની રકમ યોગ્ય કરવા – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | • અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર (ફરીયાદી): નાનજીભાઈ પુંજાભાઈ સોદરવા નુ ઘરવપરાશ વીજજોડાણ નં.: ૮૦૧૦૪/૦૩૩૦૯/૧ શહેર પેટા વિભાગીય કચેરી, કેશોદ હેઠળ ધરાવે છે.<br>• અરજદાર ને તા. ૦૨–૦૫–૧૮ ના રોજ – તેઓની ફરીયાદ અન્વયે – રૂબરૂ પેટા વિભાગીય કચેરી મા બોલાવેલ – અને વિગતવાર સમજણ અપાયેલ.<br>• સદર ગ્રાહક ના લેઝર મુજબ – માહે ઓકટોબર–નવેમ્બર– ૧૫ મા ૯૦ યુનીટ, માહે ડિસેમ્બર–જાન્યુઆરી– ૧૬ મા ૫૦ યુનીટ, માહે ફેબ્રુઆરી–માર્ચ– ૧૬ મા ૬૦ યુનીટ, માહે એપ્રીલ – મે– મા ૬૦ યુનીટ, માહે જુન–જુલાઈ– ૧૬ મા ૬૦ યુનીટ તથા માહે ઓગષ્ટ–સપ્ટેમ્બર– ૧૬ મા ૬૦ યુનીટ નો વીજવપરાશી યુનીટ નોંધાયેલ હતો.<br>• માહે ઓકટોબર–નવેમ્બર– ૧૬ થી માહે ડિસેમ્બર–જાન્યુઆરી– ૧૭ સુધી ગ્રાહક ના સ્થળ પર લોક હોવાથી મીટર ની સ્થિતી જાણી શકાયેલ ન હોય – ૦ વીજવપરાશી યુનીટ નુ વીજબીલ અપાયેલ હતુ. |

- માહે એપ્રીલ – મે– ૧૭ મા ૧૯૦ યુનીટ, માહે જુન–જુલાઈ– ૧૭ મા ૧૩૫ યુનીટ, માહે ઓગષ્ટ–સપ્ટેમ્બર– ૧૭ મા ૧૭૦ યુનીટ – માહે ઓકટોબર–નવેમ્બર– ૧૭ મા ૮૫ યુનીટ અને માહે ડિસેમ્બર–જાન્યુઆરી– ૧૮ મા સ્થળ પર લોક હોવાથી ૧૩૦ યુનીટ નુ લોક બીલ અપાયેલ હતુ. તે મુજબ મીટર મા છેલ્લા નોંધાયેલ યુનીટ ૨૬૮૫ હતા અને અરજદાર ના વીજબીલ ની બાકી રકમ ૪,૦૫૭/૬૭ હતી.
- ગ્રાહક નુ બાકી લેણુ હોવાથી તા.૨૨–૦૨–૧૮ ના રોજ પર્ફોમા –૧૫ નંબરઃ ૩૦૪૫૪ મીટર તથા સર્વિસ ઉતારાયેલ હતા. તે મુજબ મીટર મા છેલ્લા રીડીગ ૨૭૫૯ નોંધાયેલ હતા.
- તા.૨૦–૦૩–૧૮ ના રોજ – અરજદાર ની હાજરી મા સદર મીટર નુ – લેબોરેટરી મા મીટર ની ચકાસણી કરવામા આવેલ હતી. તે મુજબ – મીટર યોગ્ય જણાયેલ હતુ અને મીટર મા છેલ્લા રીડીગ ૨૭૫૯ જણાયેલ હતા.
- આમ, અરજદાર ને અપાયેલ વીજબીલ કંપની ના નિયમ મુજબ અપાયેલ છે.
- અરજદાર દ્રારા તા.૧૭– ૦૪–૧૮ ના રોજ રૂ.૨,૦૦૦/– પીજીવીસીએલ મા ભરપાઈ કરાયેલ છે, અને બાકી રહેતી વીજબીલ ની રકમ ભરપાઈ થયેથી કંપની ના નિયમ મુજબ અરજદાર નુ વીજજોડાણ પુનઃ ચાલુ કરી આપવામા આવશે.

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

**૩** ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે.

**૩.૧** અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર ના વધુ વીજવપરાશ ના વીજબીલ ની ફરીયાદ બાબતે, તેમજ અરજદાર નુ વીજબીલ બાકી હોવાથી પીજીવીસીએલ પક્ષકાર દ્રારા વીજ મીટર તથા સર્વિસ – ચેકીગ શીટ નંબરઃ ૩૦૪૫૬ થી અરજદાર ના પ્રતિનીધી ની હાજરી મા ઉતારાયેલ હતા. તે મુજબ – મીટર ના નોંધાયેલ છેલ્લા રીડીગ ૨૭૫૯ જણાયેલ હતા. તેમજ, તેમા જણાવ્યા મુજબ – અરજદાર ને તા.૨૦–૦૩–૧૮, તા.૨૭–૦૩–૧૮, તા.૦૩–૦૪–૧૮ ના રોજ લેબોરેટરી મા હાજર રહેવા જણાવેલ હતુ. તા.૨૦–૦૩–૧૮ ના રોજ – અરજદાર ની હાજરી મા સદર મીટર નુ – લેબોરેટરી મા મીટર ની ચકાસણી કરવામા આવેલ હતી. જેમા મીટર મા છેલ્લા રીડીગ ૨૭૫૯ જણાયેલ હતા. તેમજ લેબોરેટરી ચેકીગ દરમ્યાન મીટર યોગ્ય જણાયેલ હતુ.

**૩.૨** સદર અરજદાર નો પીજીવીસીએલ દ્રારા રજુઆત કરાયેલ ગ્રાહક ના લેઝર મુજબ – થયેલ વીજવપરાશ નીચે મુજબ છે.

| Month/ Year | 2015 | | | 2016 | | | 2017 | | | 2018 | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | C.R. | Status | unit | C.R. | Status | unit | C.R. | Status | unit | C.R. | Status | unit |
| Dec,Jan | | | | 1985 | | 50 | 2105 | L | 0 | 2685 | L | 130 |
| Feb, Mar | | | | 2045 | | 60 | 2105 | L | 0 | 2759 | | 74 |
| Apr,May | | | | 2105 | | 60 | 2295 | | 190 | | | |
| Jun,Jul | | | | 2105 | L | 60 | 2430 | | 135 | | | |
| Aug,Sep | 1845 | | | 2105 | L | 60 | 2600 | | 170 | | | |
| Oct, Nov | 1935 | | 90 | 2105 | L | 0 | 2685 | | 85 | | | |

**૩.૩** આમ, ઉપરોકત મુદદા ન. ૩.૧ અને ૩.૨ મુજબ ની વિગતે – મીટર મા નોંધાયેલ યુનીટ રીડીગ યોગ્ય છે. આમ, અરજદાર ની ફાસ્ટ મીટર અંગે ની રજુઆત – ગ્રાહય રાખવામા આવતી નથી. તેમજ, અરજદાર ને પીજીવીસીએલ ની વીજબીલ પેટે ની બાકી લેણી રકમ – કંપની ના નિયમો મુજબ ભરપાઈ કરવા માટે જણાવવામા આવે છે. જે ભરપાઈ થયેથી અરજદાર નુ વીજજોડાણ – પીજીવીસીએલ ના નિયમાધીન રીતે પુનઃ ચાલુ કરવુ. તેમ, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે.

**મુદદા નં.-૪:**

**હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે ની બન્ને પક્ષકારો ને જાણકારી આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.